# દેશભક્ત ઓમકારસિંઘ ઠાકુરને મુસ્લિમભાઈઓ બિરદાવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર સેકટર૨૦૨૧ ખાતે આવેલા ઓમકાર પાન પેલેસના માલિક ઓમકારસિંઘ ઠાકુર તેમની વર્ષભરની કમાણીનો મોટોભાગ દેશભક્તિના નામે ફના કરે છે. છેલ્લા ૨૦ વર્ષથી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ધામધુમથી કરે છે. ધ્વજવંદન કાર્યક્રમ, દેશભક્તિના ગીતોનો સંગીત કાર્યક્રમ, રકતદાન શિબિરનું આયોજન, ચોખ્ખા ઘીની જલેબી નગરજનોને વિતરણ કરી ગૌરવ ભેર શહીદોને અંજલિ આપે છે.

ગાંધીનગરના મુસ્લીમ અગ્રણી આઝાદભાઈ મનસુરી, તેમને મોમેન્ટો આપીને દેશભક્તિને બિરદાવશે. મુસ્લીમ અગ્રણી બાબુભાઈ મનસુરી, હુલેનભાઈ મનસુરી, યુસુફભાઈ મનસુરી, હનીફભાઈ મનસુરી તેમજ અન્ય મુસ્લીમ બિરાદરો મોટી સંખ્યામાં હાજર રહેશે. ઠાકુરને પ્રોત્સાહિત કરશે. આ ઉપરાંત ગાંધીનગર વસાહત મંડળના મંત્રી સીતારામભાઈ પટેલ તથા માઈક્રો શૉપિંગ એસોસીએશનના પ્રમુખ જિતેન્દ્રભાઈ વાઘેલા પણ સન્માન કરશે.

# રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૯મીએ નિ:શુલ્ક સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

રોટરી કલબ ઓફ ગાંધીનગર અને બોડીલાઈન હોસ્પિટલ અમદાવાદના સૌજન્યથી ફિઝીયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિર પાછળ, સેકટર-૨૨, ગાંધીનર ખાતે યુરોલોજી, કિડની, પથરી, પ્રોસ્ટેટ, મૂત્રાશય અંગેની બિમારીનો મફત નિદાન અને રાહતદરે સારવાર કેમ્પનું ૧૯મી ઓગષ્ટ-૨૦૧૨નાં આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના સેક્ટર-૨૨ના ફીઝીયોથેરાપી સેન્ટરમાં યોજાનાર યુરોલોજી કીડની, પથરી, પ્રોસ્ટેટ, મૂત્રાશય અંગેની બિમારીના મફત નિદાન સારવાર કેમ્પમાં ડૉ. શૈલેષ શાહ સેવા આપશે. તથા શક્ય તેટલી દવાઓ મફત આપવામાં આવશે. દર્દીએ અગાઉના એકસ-રે, સોનોગ્રાફી, લેબોરેટરી રીપોર્ટ સાથે લાવવાના રહેશે. અગાઉથી એપોઈમેન્ટ લઈ નામ નોંધાવવું જરૂરી હોઈ દર્દીએ ફોન નં. ૨૩૨-૮૮૮૩૩, ૨૩૨-૮૮૮૫૫ અથવા ૨૩૨-૮૮૮૬૬ પર સંપર્ક કરવા રોટરી પ્રેસીડેન્ટ સમીર ત્રિવેદી તથા સેક્રેટરી મેહુલ મહેતાએ જણાવ્યું છે.

# પ્રેરણા વિદ્યાલયમાં ક્વેસ્ટ સેન્ટરનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સેક્ટર-૫માં આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં લાયોનેસ કલબ ગાંધીનગરના સહયોગથી ક્વેસ્ટ સેન્ટરનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. લાયોનેસ કલબ ગાંધીનગરના ડિસ્ટ્રીક્ટ ક્વેસ્ટ ચેરમેન સોદામિનીબેન પટેલ આ પ્રસંગે ખાસ હાજરી આપી ક્વેસ્ટ સેન્ટરની માહિતી આપી હતી.

લાયોનેશ કલબ ગાંધીનગર તરફથી પ્રેરણા વિદ્યાલયમાં ક્વેસ્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયોનેસ કલબ વતી ડિસ્ટ્રીકટ ક્વેસ્ટ ચેરમેન સોદામિનીબેન પટેલ, ગાંધીનગર લાયોનેસ કલબના પ્રમુખ ઉષાબેન, ક્વેસ્ટ કો-ઓર્ડિનેટર મમતાબેન રાવલ, લાયોનેસ કલબના પ્રમુખ અનિલભાઈ તથા રીજનલ ચેરપર્સન વિજયભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને દીપ પ્રાગટ્ય કરી ક્વેસ્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. ડિસ્ટ્રીક્ટ ક્વેસ્ટ ચેરમેન સોદામિનીબેન પટેલે ક્વેસ્ટ સેન્ટરની માહિતી આપી હતી અને ક્વેસ્ટ સેન્ટર દ્વારા કિશોરો માટે સકારાત્મક કળાઓ, મૂલ્ય આધારિત શૈક્ષણિક કાર્યક્રમ ચલાવવામાં આવશે તેમ જણાવ્યું હતું. ક્વેસ્ટ સેન્ટર દ્વારા બાળકોમાં આત્મ વિશ્વાસનું ઘડતર થાય છે તેમજ નિર્ણયશક્તિ અને સેવાભાવનાનો વિકાસ થાય છે. સમગ્ર કાર્યક્રમના અંતે શાળાના આચાર્યા સ્વાતિબા રાઓલે આભાર વિધિ કરી હતી.

# ગ્રીનસીટી સેક્ટર-૨૬માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

જન્માષ્ટમીના પવિત્ર દિને ગાંધીનગરના સેક્ટર-૨૬માં આવેલા ગ્રીનસીટી ખાતે હનુમાનજી મંદિરના પ્રાંગણમાં ભારત વિકાસ પરિષદ અને ગ્રીનસીટી વસાહતના સભ્યો દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારતીય સંસ્કૃતિ અને સાંસ્કૃતિક પરંપરાને જાળવવા વૃક્ષપ્રેમીજનોએ પોતાની રાશિ પ્રમાણેના વૃક્ષોનું વાવેતર કર્યું હતું. હનુમાનજી મંદિરના પ્રાંગણ અને ગ્રીન સીટીના કોમન પ્લોટમાં બધા મળીને ૧૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

લોક જાગૃતિ અને લોક સહયોગનું એ એક ઉત્તમ નમૂનારૂપ કાર્ય ભાવિ પર્યાવરણીય સમસ્યાઓ સાથેના રક્ષણરૂપ પગલાનું એક સોપાન છે. ભારત વિકાસ પરિષદના સૌ સભ્યોએ રાશિ, નક્ષત્ર, રાશિવન વિશે ગ્રીનસીટીના સભ્યોને માહિતી આપી હતી તે મુજબ રાશિવન તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

# વિદ્યાર્થિનીને લાકડી ફટકારનાર આચાર્ય સામે શિક્ષાત્મક પગલાં લેવા માંગ

## બનાવના પગલે શાળાના અન્ય વિદ્યાર્થીઓ પણ ભયભીત

ગાંધીનગર, તા. ૧૩

સાદરા જ્ઞાનધારા શિક્ષણતીર્થમાં વિદ્યાર્થિનીને સોટીઓ ફટકારનાર મહિલા આચાર્ય સામે કોઈ કાર્યવાહી ન થતા વાલીઆલમમાં આક્રોશ પ્રવર્ત્યો છે. વિદ્યાર્થિનીને બેરહેમીપૂર્વક માર મરાયો હોવાની સ્વીકૃતિ ખુદ સંસ્થાના ટ્રસ્ટીએ કર્યા બાદ પણ માત્ર માફીના આધારે આખી વાત પર પડદો પાડવાની નીતિ અપનાવાતી હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે. આવા સંજોગોમાં અત્યાચારનો ભોગ બનેલી ઉન્નતિના પિતાએ જવાબદાર સામે તાત્કાલિક શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે.

ગત સપ્તાહ દરમિયાન સાદરાની જ્ઞાનધારા શિક્ષણતીર્થમાં મહિલા આચાર્યને વિદ્યાર્થીને લાકડી વડે માર મારતા તેણીને શરીરના ભાગે ચકામા પડી ગયા હતા. આખરે શાળાની વિદ્યાર્થિની ઉન્નતિને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ મામલે ચિલોડા પોલીસમથકે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી. બનાવ સંદર્ભે સંસ્થાના ટ્રસ્ટી દેવનંદન યાદવે પણ ભૂલ સ્વિકારી હતી.જ્યારે શાળાના આચાર્યએ પણ આ અંગે માફી માંગી હતી. એક બાજુ આ બનાવના પગલે વિદ્યાર્થીઆલમમાં ભયની લાગણી વ્યાપી છે. શાળાના અમુક વિદ્યાર્થીઓ શાળા છોડવાની રાહે છે. ત્યારે ઈજાગ્રસ્ત વિદ્યાર્થિની પણ શાળામાં અભ્યાસ કરવા તૈયાર નથી. પરંતુ આ મામલે હજુ સુધી મહિલા આચાર્ય સામે કોઈ પગલા લેવાયા નથી. ઉન્નતિના પિતા દિપકભાએ ઉચ્ચ રજૂઆતના અનુસંધાને જવાબદાર આચાર્ય સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું છે.

# દહેગામ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કાર્યક્રમનું રિહર્સલ યોજાયું



દહેગામ, તા. ૧૩

સ્વાતંત્ર્ય દિન - ૧૫ ઓગસ્ટની ઉજવણી નિમિત્તે ગાંધીનગર જિલ્લાનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જયનારાયણ વ્યાસની ઉપસ્થિતિમાં દહેગામ ખાતે યોજાશે.

જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણીનું આજે તા. ૧૩ ઓગસ્ટ - ૨૦૧૨ ના રોજ મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મ્યુનિસિપલ હાઈસ્કુલની પાછળ દહેગામ ખાતે ગ્રાન્ટ રિહર્સલ યોજવામાં આવ્યું હતું.

અધિક નિવાસી કલેકટર શ્રી ડી.બી. મહેતાએ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી -સંગે યોજાનાર તમામ કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વગેરેનું નિરીક્ષણ કર્યું હતું. સાથે જ સમગ્ર આયોજન, વ્યવસ્થા વગેરેનું નિરીક્ષણ કર્યું હતું. દહેગામ સહિત જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોએ સુંદર સાંસ્કૃતિક - રાષ્ટ્રભક્તિસભર કૃતિઓ રજૂ કરી હતી.

આ -સંગે કલોલ -ાંત અધિકારી, શ્રી એચ.એન.પટેલ, કલોલ ડીવાયએસપી શ્રી ઉષાબેન રાડા, દહેગામ મામલતદાર શ્રી રાજેશ પટેલ તથા સંબંધિત અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

# સ્વાતંત્ર્ય દિને સે. ૨૧ શોપીંગ સેન્ટરમાં રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

દર વર્ષની જેમ સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જુનિયર સિટીઝન કાઉન્સીલ અને ઓમકાર પાન પાર્લરના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૧ રાજશ્રી સિનેમા પાસે શોપીંગ સેન્ટરમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ નગરના રક્તદાતાઓએ લાભ લેવા જણાવવામાં આવે છે.

# દેશી દારૂની હેરફેર કરતા ચિલોડા ગામના બે બુટલેગરોને પોલીસે ઝડપી લીધા

ચિલોડા, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ચિલોડા-ઈસનપુર મોટા માર્ગ પરથી દહેગામથી ઈસનપુર મોટા વાયા ચિલોડા દ્વારા બે બુટલેગર દેશી દારૂની હેરાફેરી કરતા ચિલોડા પોલીસે પેટ્રોલીંગ કરતાં ઝડપી પાડયા હતાં. આ અંગે મળતી માહિતી મુજબ ચિલોડા ગામમાં હરીજનવાસમાં રહેતા જાદવ બાબુભાઈ ફુસાભાઈ તથા તેમના પુત્ર વિજયભાઈ બાબુભાઈ જાદવ બંને ઈસનપુર રોડ પર પોતાના બાઈક પર ૨૦ લીટર દેશી દારૂ લઈને ચિલોડા તરફ આવતા હતાં ત્યારે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.જે. જાડેજા તથા પોલીસ કર્મી સાથે પેટ્રોલીંગમાં આ બંને પિતા-પુત્ર બુટલેગરોને દારૂના જથ્થા સાથે પકડી પાડયા હતાં. આ બંને ઈસમો પાસેથી ૨૦ લીટર દેશી દારૂની કિંમત રૂ. ૪૦૦ તથા બાઈક રૂ. ૧૫૦૦૦ સહિત કુલ ૧૫૪૦૦ મુદ્દા માલ જપ્ત કરી પ્રોહીબિશન ગુના ૬૬ બી તથા ૬૫-ઈ-૮૧ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મેં ભગવાન પાસે જે કંઈ સુખ માગ્યું હતું એ મને મારી દીકરી તરીકે મળ્યું છે

## શીતલબેન-પ્રશાંતભાઈ જે દીકરી વિશે આ શબ્દોનો ઉપયોગ કરે છે એ દીકરી એટલે હાર્દિ

સંબંધ સજાવે જિંદગી

**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

'દીકરી લાગણીશીલ જીવ છે અને તે ખૂબ જ ભાવુક હોય છે. મારો તો દીકરી માટે આવો જ અનુભવ છે.'

આ શબ્દો છે સૅક્ટર-૮માં વસતા પ્રશાંતભાઈ દલાલના. એમનાં પત્ની શીતલબેનનો પણ દીકરી માટેનો અનુભવ કંઈક આવો જ છે, એ જણાવે છે :

'મેં ભગવાન પાસે જે કંઈ સુખ માગ્યું હતું એ મને મારી દીકરી તરીકે મળ્યું છે. દીકરી મારા ઘરમાં છે એનાથી મને જેટલી ખુશી થાય છે એ હું શબ્દોમાં વર્ણવી શકતી નથી.'

શીતલબેન-પ્રશાંતભાઈ જે દીકરી વિશે આ શબ્દોનો ઉપયોગ કરે છે એ દીકરી એટલે હાર્દિ, જે હાલ સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ધોરણ-૧૧માં અભ્યાસ કરી રહી છે. પોતાના અત્યાર સુધીના અભ્યાસકાળ દરમ્યાન હાર્દિ ભણવામાં ખૂબ જ તેજસ્વી રહી છે. એણે પોતાના વર્ગમાં હંમેશા ત્રીજા ક્રમ સુધીમાં પાસ થવાનું ગૌરવ મેળવ્યું છે ને એ જ રીતે ધોરણ-૧૦માં એણે ૯૨ ટકા ગુણ પ્રાપ્ત કર્યા છે. હાર્દિને ચિત્રકલા અને સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિનો ખૂબ શોખ, જેના માટે તે આબુ, મનાલી અને ઉત્તરાખંડ પણ ફરી આવી છે. બહુમુખી પ્રતિભા એવી હાર્દિ ભરતનાટ્યમ્‌ની સારી નૃત્યાંગના પણ છે. ગાંધીનગરનાં જાણીતા કલાગુરુ અમીબેન વાંકાણીની એ શિષ્યા, જેણે ૨૦૦૯માં પોતાનું આરંગેત્રમ પૂર્ણ કર્યું છે. એક સારી કોરિયોગ્રાફર એવી હાર્દિ ઑર્ગન પણ વગાડી જાણે છે ને એની પધ્ધતિસરની તાલીમ પણ મેળવી રહી છે. રમતમાં એને બાસ્કેટ બૉલનો શૉખ છે.

૧૯૯૩માં પ્રશાંતભાઈ-શીતલબેનનાં લગ્ન થયાં. લગ્નજીવનની શરૂઆતથી જ પોતાને ઘેર સંતાન તરીકે દીકરી જ આવે એવી પોતાની ઈચ્છા હતી એમ જણાવતાં પ્રશાતંભાઈ જણાવે છે કે, દીકરી એ પાવન જીવ છે જેના કારણે માતા-પિતાનું નામ રોશન થાય છે. દીકરીનાં સારા કર્મોથી માતાપિતાનું નામ ઊંચું થાય છે ને તે એકસાથે બે કુળને ઉજાળે છે. દીકરા અને દીકરી વચ્ચે કોઈ ભેદ ન હોવો જોઈએ. દીકરીને પણ જો દીકરાની માફક સારી રીતે ઉછેરીએ, સારી તાલીમ ને શિક્ષણ આપીએ તો નિશ્ચિતપણે એ માતા-પિતાનું ને ઘરનું નામ રોશન કરી શકે છે.

શીતલબેન જણાવે છે, મને પણ સંતાન તરીકે દીકરી જ જોઈતી હતી ને ભગવાને એ મને આપી. મારા માતા-પિતાએ મારા ઉછેરમાં કોઈ કમી રાખી નહોતી કે ન તો મારા માટે કોઈ સાધન-સગવડમાં, દીકરી તરીકે મારો ઉછેર એમણે શ્રેષ્ઠ રીતે કર્યો હતો ને હું પણ એમ જ કરવા માગતી હતી. હું દીકરી ઈચ્છતી હતી ને એ મને મળી એથી હું ખૂબ ખુશ થઈ, એટલી ખુશ કે આ ખુશી બયાન કરવા માટે મને શબ્દો નથી મળતા. એક દીકરીની મા તરીકે હું અત્યારે સર્વોત્તમ સુખ ભોગવી રહી છું. આજના જમાનામાં છોકરીઓ છોકરા કરતાં કોઈ ક્ષેત્રમાં પાછળ નથી. મારી દીકરી પણ એ છોકરીઓમાંની એક છે ને એ જે કારકિર્દી ઈચ્છશે એમાં હું એને આગળ વધવા દઈશ.

હાર્દિ સાથેની સારી પળોને વાગોળતાં શીતલબેન યાદ કરે છે કે હાર્દિ બોલતાં શીખી ત્યારે તે પહેલો શબ્દ 'પા' બોલી હતી. એ પળ પોતાની જિંદગીની સૌથી સુખમય પળ હતી એમ તેઓ ઉમેરે છે.



પોતાની કલાકાર અને તેજસ્વી દીકરીને કારણે આજે ઘણા લોકો અમને હાર્દિનાં મમ્મી-પપ્પા તરીકે ઓળખે છે. એનાથી વધારે અમારે શું જોઈએ ? એમ તેઓ સગર્વ જણાવે છે.

દીકરી પિતાને વધારે વ્હાલી હોય છે તેથી પિતાએ એના માટે વધારે સમય આપવો જોઈએ અને એની તાલીમમાં પિતાએ જ રસ લેવો જોઈએ. જો એવું થાય તો દીકરી વંશનું નામ ઉજાળે એમાં કોઈ શંકા નથી.

હાર્દિ સાથે જોડાયેલો એક યાદગાર પ્રસંગ જણાવતાં એ ઉમેરે છે, ૨૦૦૪માં ધોરણ-૪માં અભ્યાસ કરતી હાર્દિ પોતાના કાકાના ઘર - જાપાનથી ગાંધીનગર એકલી આવી હતી ત્યારે દીકરી પણ બહુ વ્હાલ ઉપજ્યું હતું અને એવી ખાતરી પણ થઈ ગઈ હતી કે આ દીકરી અવશ્ય અમને ગૌરવ અપાવશે. અને જુઓ, આજે એમ જ થઈ રહ્યું છે. અમારી દીકરી અમને ગૌરવ અપાવી જ રહી છે !

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

જીસ્મ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

જીસ્મ-૨ : ૧૦.૦૦

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧.૦૦, ૪.૦૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ : કોકટેલ : ૧૨.૦૦

બોલ બચ્ચન : ૨.૪૫

ટોટલ રીકલ (હિન્દી) : ૫.૩૦

કયા સુપર કુલ હે હમ : ૭.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ : ગેંગ ઓફ વાસેપુર- ૨ : ૧૧.૦૦

કયા સુપર કુલ હે હમ : ૨.૦૦, ૪.૩૦

કૉકટેલ : ૭.૧૫

બોલ બચ્ચન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કયા સુપર કુલ હે હમ : ૧૦.૪૫, ૧૦.૧૫

કેવી રીતે જઈશ(ગુજરાતી): ૧.૪૫, ૭.૩૦

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૪.૩૦

: સ્ક્રીન-૨ : જીસ્મ-૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૯.૪૫

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦

કયા સુપર કુલ હૈ હમ : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ગેંગ ઓફ વાસેપુર -૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

### સૂર્યા, વાવોલ

દેવા એક રક્ષક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

કુળદેવી મારી ચામુંડા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ડૉ. સ્નેહલ દેસાઈ દ્વારા રાત્રે ૮.૦૦ કલાકે, 'માઈન્ડ પાવર' વિષય પર કાર્યક્રમ

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ,ગાંધીનગર દ્વારા ચંદ્રકાન્તભાઈ ઓઝા, ૧૩૩૫/૨, સેકટર-૨/બી,ના નિવાસ સ્થાને શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા તપનભાઈ ત્રિવેદી, બ્લોક નં. ૧૧૪/૫, 'છ' ટાઈપ,ખાતે શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯.૦૦ કલાકે યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર દ્વારા ચંદ્રિકાબેન રાવલ ૧૦૩૧/૨, સેકટર-૪/એ,ના નિવાસ સ્થાને સ્તુતિ વંદના.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે શિવજી ત્રિપુરારી કેવી રીતે બન્યા.

## આપની આજ

**મેષ** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યા છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. આપને વિરોધીઓ હેરાન-પરેસાન કરી શકે છે.

**વૃષભ** : રાજકીય અને સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય. આપના ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારના કારણે લાભ પ્રાપ્ત થવાની શકયતાઓ છે. વેપાર સારો ચાલશે.

**મિથુન** : શુભ મંગળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક સમસ્યાઓ પર કાર્ય થઈ શકશે. સંતાનપક્ષ તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે. મનોરંજન સંબંધી કાર્ય થશે.

**કર્ક** : જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્ત થશે.

**સિંહ** : તમારી વ્યવહારકુશતાથઈ વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળવાની સંભાવના છે. ગ્રાહકોથી મધુર સંબંધો બની રહેશે.

**કન્યા** : વાહન સુખ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાની સંભાવના.

**તુલા** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાની સંભાવના છે. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ થઈ શકે છે.

**વૃશ્ચિક** : આવકનાં સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાની સંભાવના છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

**ધન** : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યો સફળ થઈ શકશે. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા-પ્રવાસ થઈ શકશે.

**મકર** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન થઈ શકશે. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પદ, વાહન સંબંધી વિવાદોમાં સમય પસાર થશે.

**કુંભ** : વ્યાપાર- વ્યવસાયમાં ગહન શોધ સંબંધી કાર્યો થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકશે. ધાર્મિકક્ષેત્રમાં આસ્થા વધશે.

**મીન** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ છે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. અમરૂજી બળદેવજી વાઘેલા(ઉ.વ. ૭૦) મુ.પો. દેલવાડા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. અમરતજી ગોકાજી ઠાકોર(ઉ.વ. ૫૮) મુ.પો. અંબાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પુરીબેન સોનાજી ઠાકોર(ઉ.વ.૬૮) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.